Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# રિવાઇઝ પરિપત્ર

## –: પૂરક પરીક્ષા અંગેનો પરિપત્ર :–

યુનિવર્સિટીની **કોમર્સ અને મેનેજમેન્ટ** વિદ્યાશાખાઓની આગામી પૂરક પરીક્ષા જૂન–૨૦૨૬ ની **સ્નાતક કક્ષાએ બી.કોમ. તથા બી.બી.એ. (NEP & NON-NEP) સેમેસ્ટર –૫ અને ૬ અને એમ.કોમ. સેમેસ્ટર – ૩ અને ૪ પરીક્ષાઓના ઓનલાઈન તથા ઓફલાઈન આવેદનપત્રો તા.૩૧/૦૫/૨૦૨૬ સુધી** ભરવાના રહેશે. ABC ID તેમજ UDISE સાથે ફરજીયાત પણે ભરાવવાના રહેશે.

તમામ આવેદનપત્ર વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન ભરાવી તેમજ તેઓના આવેદનપત્રો વેરીફાઈ કરી વિદ્યાર્થીઓની યાદી **જે તે વિદ્યાશાખાઓમાં ઈ–મેઈલ કરવાના રહેશે,તેમજ તા.૧૩–૦૯–૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક:પરીક્ષા/સંકલન/૧૯૦૬૫/૨૦૨૪ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.**

**નવા અભ્યાસક્રમ મુજબ તમામ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવાના રહેશે. જેની અચૂક નોંધ લેવી.**

**જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરરિતી કરતા માલુમ પડેલ તેવા વિદ્યાર્થીઓએ MPECના સ્ટેટ્યુટ–૧૧૯ના પરિશિષ્ટ–અ ની જોગવાઇ મુજબ કરવામાં આવેલ સજાના આધારે જૂન – ૨૦૨૬ ની પરીક્ષામાં આવેદનપત્રો ભરાવવાના રહશે.**

**નોંધ:-** NON NEP માંથી NEP અભ્યાસક્રમમાં પ્રવેશ પોલીસી અન્વયે **તા.૨૦/૧૨/૨૦૨૩ના પરિપત્ર ક્રમાક** : એકે / NEP /31443 /2023 મુજબ પરીક્ષાના આવેદનપત્રો ભરાવવાના રહેશે.

વધુમાં નિયત કરેલ તારીખ ત્યારબાદના પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાના રહી ગયા હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો સિન્ડીકેટની તા.૧૮/૧૦/૨૦૧૬ની બાબત ક્રમાંક–૧૭ (૨) અન્વયે લેઇટ ફી સાથે સ્વીકારવામાં આવશે જેની નોંધ લેવી. **લેઇટ ફી સાથે ભરાયેલ આવેદનપત્રોના પેપરોની વ્યવસ્થા કોલેજ કક્ષાએથી કરવાની રહેશે.**

**સ્નાતક કક્ષાના સેમેસ્ટર – ૬ ના વિદ્યાર્થીઓએ પરીક્ષા આવેદનપત્રો ભરતી વખતે તા.૦૩–૦૧–૨૦૨૬ ના પરિપત્ર ક્રમાંક : એકે/પરિપત્ર/૩૦૧૧૩/૨૦૨૫ તા.૨૪–૧૧–૨૦૨૫ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની **સિન્ડીકેટ તા.૦૨/૧૧/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:૧૧૮** અન્વયે **તા.૧૬–૦૫–૨૦૨૫નાં પરિપત્ર ક્રમાંક: પરીક્ષા/સંકલન/૦૧૭૫૩૦/૨૦૨૫** પરિપત્ર મુજબ ફી ભરવાની રહેશે.

**પરીક્ષાના આવેદનપત્રોની ફી ERP CELLના તા.૦૩/૦૪/૨૦૨૫ પરિપત્ર ક્રમાંક:પરીક્ષા/ERP CELL/૭૫૩૪/૨૦૨૫માં જણાવેલ પ્રક્રિયા મુજબ ફી અંગેની કાર્યવાહી કરવાની રહેશે.**

- **સદર પરિપત્રની વિદ્યાર્થીઓને ફરજીયાત જાણ કરી તેનો અમલ કરાવવાનો રહેશે.**
- **જે કિસ્સામાં ઓનલાઈન તથા NEFT થી ચુકવણી કરેલ છે. તેવા કિસ્સામાં રૂબરૂ યુનિવર્સિટી ખાતે આવવાની જરૂર નથી.**
- **ઓનલાઈન આવેદનપત્રો ભરવામાં કોઈ મુશ્કેલી જણાય તો નીચે આપેલ હેલ્પલાઈન નંબરનો કાર્યાલય સમય દરમ્યાન સંપર્ક કરી આવેદનપત્ર નિયત સમય મર્યાદામાં ભરી જ દેવાના રહશે.**
- **પરીક્ષાનાં આવેદનપત્રો કોલેજ કક્ષાએ થી જરૂરી ચકાસણી કરી ભરવાનાં રહેશે જે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજની રહેશે.**
- **Helpline No : 8155063979, 9723433972, 9723433976, 6357322940, 0261-2203057**

ક્રમાંક: પરીક્ષા/કોમર્સ–મેનેજમેન્ટ/૧૦૪૧૬/૨૦૨૬
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.
તા.: ૧૪/૦૫/૨૦૨૬

**પરીક્ષા નિયામક**

**નકલ સવિનય રવાના પ્રતિ,**

૧.સિસ્ટમ મેનેજર,પરીક્ષા વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૨.ઈ.ચા.નાણા અને હિસાબી અધિકારીશ્રી નાણા અને હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
૩.યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/કો–ઓર્ડિનેટરશ્રીઓ/વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂં...